# અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જાહેરાત ક્રમાંકઃ (FOREST/201819/1)

જાહેરાત ક્રમાંકઃ FOREST/201819/1, વનરક્ષક વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીની ૩૩૪ જગ્યા માટે તા.૨૭/૦૩/૨૦૨૨નાં રોજ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ છે. જેનું લેખિત પરીક્ષાનું પરિણામ ઉમેદવારે આપેલ પરીક્ષા કેન્દ્રનાં જિલ્લા મુજબ મેરીટ લિસ્ટ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. હાલમાં કેટલાંક ઉમેદવારો દ્વારા રમત-ગમત / એન.સી.સી.નાં માન્ય પ્રમાણપત્રો ધરાવતાં ઉમેદવારોને મળવાપાત્ર ગુણ બાબતે રૂબરૂ /ટેલીફોનિક પુચ્છપરછ કરવામાં આવી રહેલ છે. જે અન્વયે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવી.

- જે તે સમયે મુળ જાહેરાત ક્રમાંકઃ FOREST/201819/1 ની જાહેરાતની સામાન્ય શરતો-૧૧(૬) અને ૧૧(૭) કે જે નીચે મુજબ છે. તે ધ્યાને લેવી.

*૧૧(૬) એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, હેન્ડબોલ, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજની રમતો- ખેલકૂદમાં (૧) રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સીટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને પ્રથમ તબક્કાની લેખીત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય ફક્ત તેવા ઉમેદવારોએ અરજી પત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણાવની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહી. ઉકત ત્રણ સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨, તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. (નિયત નમુના વન વિભાગની **https://forests.gujarat.gov.in** વેબસાઇટ ઉપર આપેલ છે) આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.*

*ગ્રામ્ય/ તાલુકા/ જિલ્લા કક્ષાના સ્પર્ધકોને વધુ ગુણભાર મળવાપાત્ર નથી.*

*૧૧(૭) જે ઉમેદવાર નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) "C" સર્ટીફીકેટ ધરાવતા હશે તેમને લેખિત પરીક્ષામાં બે ગુણનું વધારાનું વેઇટેજ આપવામાં આવશે.*

જેથી મુળ જાહેરાત પ્રસિધ્ધ સમયની વિગતવાર જાહેરાત/શરતો પૈકીની ઉકત બંને સૂચનાઓ ધ્યાને લેવી.

વધુમાં જણાવવાનું કે, ઉમેદવારોએ તેઓનાં રમત-ગમત / એન.સી.સી.નાં માન્ય પ્રમાણપત્રો અસલમાં શારીરિક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવશે ત્યારે ઉપર જણાવ્યા મુજબ નિયત નમુનામાં રજુ કરવાના રહેશે. તેઓને આવા પ્રમાણપત્રો રજુ કરવા બીજી તક આપવામાં આવશે નહિ અને શારિરીક ક્ષમતા કસોટી સમયે માન્ય પ્રમાણપત્રો રજુ કરવામાં ના આવે તો તેઓ વધારાના ગુણ મેળવવાના પાત્ર રહેશે નહિ. રમત-ગમત / એન.સી.સી.નાં ગુણ શારીરિક ક્ષમતા કસોટી બાદ ઉમેરવામાં આવશે.

શારીરિક ક્ષમતા કસોટી બાબતે / અન્ય જરૂરી સુચનાઓ માટે વન વિભાગની વેબસાઇટ **https://forests.gujarat.gov.in** તથા **https://ojas.gujarat.gov.in** અવાર નવાર જોતાં રહેવા વિનંતી છે.

તા.૨૧/૦૪/૨૦૨૨
ગાંધીનગર

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
વહીવટ અને આઇ.ટી.
ગુજરાત રાજય, ગાંધીનગર